પાવરગ્રીડ પ્રોજેક્ટ મુદ્દે ચક્કાજામ

અંકલેશ્વરમાં ખેડૂતોની ઐતિહાસિક ટ્રેક્ટર રેલી, પોલીસ સાથે ઘર્ષણ

પ્રવીણ તેરૈયા, સુરેશ ગાંધી

ભરૂચ, અંકલેશ્વર, આમોદઃ અંકલેશ્વર, હાંસોટ અને આમોદ પંથકના ખેડૂતો દ્વારા પાવરગ્રીડ લાઇન માટે થતા જમીન સંપાદનના વિરોધમાં મંગળવારે એક વિશાળ ટ્રેક્ટર રેલી યોજવામાં આવી હતી. આમોદ અને જંબુસર તાલુકાના ખેડૂતોએ આમોદની રેવા સુગરથી ભરૂચ કલેક્ટર કચેરી સુધી આ ટ્રેક્ટર રેલી કાઢી હતી.

રેલીમાં અંદાજે 40 ટ્રેક્ટર સાથે મોટી સંખ્યામાં ખેડૂતો જોડાયા હતા. જોકે, ખેડૂતો ભરૂચ કલેક્ટરને માંગણી અર્પણ કરવા જઈ રહ્યા હતા, ત્યારે અંકલેશ્વર ખાતે પોલીસે રેલીને અટકાવી હતી. પોલીસ અને ખેડૂતો વચ્ચે ઘર્ષણ સર્જાયું હતું. રેલી કેલોદ નજીક મંદિર પાસે પહોંચતાં ટ્રેક્ટર્સનાં પાર્કિંગને લઈ પોલીસે વાંધો ઉઠાવતાં ખેડૂતોએ રસ્તા પર જ ધરણાં કર્યાં હતાં. જેના કારણે અંકલેશ્વર-ભરૂચ રોડ પર આશરે 2થી 3 કિલોમીટર લાંબી વાહનોની કતારો લાગી ગઈ હતી.

કલાકો સુધી વાહનવ્યવહાર ખોરવાઈ જતાં સામાન્ય નાગરિકો અને મુસાફરોને ભારે હાલાકી ભોગવવી પડી હતી.

અધિકારીઓએ ટ્રેક્ટરોને આગળ વધતા અટકાવ્યા બાદ ખેડૂતોએ પગપાળા કલેક્ટર કચેરી સુધી કૂચ કરવાનો નિર્ણય કર્યો હતો. પોલીસે કાયદો-વ્યવસ્થા જાળવવા માટે ચુસ્ત બંદોબસ્ત ગોઠવી દીધો હતો. આ ટ્રેક્ટર રેલીમાં આમોદ તાલુકા કોંગ્રેસ પ્રમુખ નરેન્દ્ર પટેલ ઉર્ફે કાજી સહિતના આગેવાનો પણ જોડાયા હતા. ખેડૂતોની મુખ્ય માંગ પાવરગ્રીડ લાઇન માટે સંપાદિત કરવામાં આવતી જમીનનું યોગ્ય અને પૂરતું વળતર મેળવવાની છે.

ખેડૂતોએ ગંભીર આક્ષેપ કર્યો છે કે, અગાઉ વળતર અંગે જાહેરાતો કરવામાં આવી હોવા છતાં, હજુ સુધી તેમની માંગણીઓનું સંતોષકારક નિરાકરણ લાવવામાં આવ્યું નથી. ખેડૂતોએ વહીવટી તંત્ર સમક્ષ વ્યાજબી મૂલ્યાંકન કરીને યોગ્ય વળતર આપવાની માંગ કરી છે. તેમણે સ્પષ્ટ ચેતવણી આપી છે કે, જો આગામી દિવસોમાં તેમની માંગણીઓનો ઉકેલ નહીં લાવવામાં આવે તો આંદોલનને વધુ ઉગ્ર બનાવવામાં આવશે. આખરે ખેડૂતો મોડે મોડે પણ ભરૂચ કલેક્ટર કચેરીએ આવેદનપત્ર પાઠવવા માટે પહોંચ્યા હતા.

દયાદરામાં એક્સપ્રેસ વે પર વાહનનું ટાયર ફાટ્યું, પરિવારનો બચાવ

કલાકો સુધી ક્રેનની રાહ જોવી પડી, હાઈવે ઓથોરિટી સામે આક્રોશ

ભરૂચઃ ભરૂચના દયાદરા ગામ પાસે એક્સપ્રેસ વે પર જંબુસર જતા પરિવારની ગાડીનું ટાયર ફાટી જતાં વાહન રોડ પર ખોટકાઈ ગયું હતું. આ માર્ગ પર ટાયર ફાટવાની ઘટનાઓ વારંવાર બનતી હોવા છતાં, આ વખતે પરિવારમાં નાનાં બાળકો અને મહિલાઓ હોવાથી સ્થિતિ વધુ વિકટ બની હતી. ઘટના બાદ પરિવારજનોએ મદદ માટે 1033 હેલ્પલાઈન સહિત અનેક માધ્યમોનો સંપર્ક કર્યો હતો, પરંતુ ક્રેન પહોંચતાં કલાકોનો સમય લાગ્યો હતો. દરમિયાન પરિવારે ધૂપ, વરસાદ કે ગરમી સામે રસ્તા પર જ કલાકો સુધી રાહ જોવી પડી હતી. વાહનમાં નાની-મોટી ખામી સર્જાય તો પણ તાત્કાલિક સેવા ન મળવાના કારણે વાહનચાલકોએ લાંબો સમય રસ્તા પર અટવાઈ રહેવાનો વારો આવે છે.

આ ઘટના બાદ એક્સપ્રેસ વેની જવાબદારી સંભાળતી હાઈવે ઓથોરિટી સામે વાહનચાલકોએ ગંભીર ફરિયાદ નોંધાવી છે. ટોલ વસૂલાત જેટલી ઝડપથી થાય છે, એટલી જ ઝડપથી ઈમરજન્સી સેવા કેમ નથી પૂરી પાડવામાં આવતી, તેવો સવાલ વાહનચાલકોએ ઉઠાવ્યો છે. ઓથોરિટીના આળસુ વલણથી પ્રવાસીઓમાં ભારે નારાજગી પ્રસરી છે. આ ઘટનાએ સ્પષ્ટ કર્યું છે કે માત્ર ટોલ વસૂલવાથી હાઈવે 'ડ્રીમ' નથી બની જતો, જ્યાં સુધી કટોકટીની સુવિધાઓ ચુસ્ત ન હોય ત્યાં સુધી મુસાફરો માટે આ સપનું સાવ સ્વપ્ન જ છે.

નાનીચેર નજીક 3 લાખનાં ખેરનાં લાકડાં ભરેલી પિકઅપ ઝડપાઈ

બોલેરો પિકઅપ અને 3 બાઇક સાથે 3 શખ્સ ઝડપાયા

માંડવીઃ સુરત વન વિભાગે ખેરનાં લાકડાંની મોટા પાયે હેરાફેરી કરતી ટોળકીનો પર્દાફાશ કર્યો હતો. મુખ્ય વન સંરક્ષક પુનીત નૈયર, સુરત જિલ્લા નાયબ વન સંરક્ષક ધીરજકુમાર તેમજ માંડવી મદદનીશ વન સંરક્ષક એચ.આર. જાદવના માર્ગદર્શન હેઠળ માંડવી દક્ષિણ રેન્જ તથા મહુવા રેન્જના કાર્યક્ષેત્ર વિસ્તારમાં સઘન પેટ્રોલિંગ હાથ ધરવામાં આવ્યું હતું. દરમિયાન તા.17 ઓગસ્ટે સ્ટાફે માંડવીના નાનીચેર નજીક શંકાસ્પદ બોલેરો પિકઅપ ગાડી નં.(MH-16-CC-0924)ને રોકી તલાશી લેતાં તેમાંથી પાસ-પરમિટ વગરના અનામત વૃક્ષ ખેરનાં લાકડાં નંગ-145 (2.685 ઘનમીટર) મળી આવ્યાં હતાં. જેની અંદાજિત બજાર કિં.રૂ.3 લાખ થાય છે. આ ગુનામાં પકડાયેલ ડ્રાઇવરની પૂછપરછ કરતાં જુદાં જુદાં જંગલ વિસ્તારોમાંથી લાકડાં કાપી સંગઠિત નેટવર્ક દ્વારા ગેરકાયદે વહન અને સંગ્રહ થતો હોવાની વિગતો સામે આવતાં માંડવી દક્ષિણ અને મહુવા રેન્જની ટીમે સંયુક્ત રેડ કરી હતી. વન વિભાગે ઘટના સ્થળેથી બોલેરો પિકઅપ ગાડી સહિત પાયલોટિંગમાં વપરાયેલી ત્રણ મોટરસાઇકલ તેમજ ત્રણ મોબાઇલ ફોન કબજે કરી તમામ મુદ્દામાલ માંડવી સરકારી ખેડપુર ડેપો ખાતે સોંપ્યો છે. આ બાબતે વન વિભાગે ગુનો નોંધી અવિનાશ કોટવાળીયા (ઉ.વ.24) (રહે.,ઉન, તાપી ફળિયું, તા.માંડવી), ધર્મેશ કોટવાળીયા (ઉ.વ.24) (રહે.,મોઝા, તા.નેત્રંગ) અને પ્રવીણ કોટવાળીયા (ઉ.વ.35) (રહે.,ઉન, તાપી ફળિયું, તા.માંડવી)ની ધરપકડ કરવામાં આવી હતી. જ્યારે અન્ય ઇસમોની શોધખોળ માટે તપાસ હાથ ધરવામાં આવશે. આ બનાવમાં વાહન નંબર MH-16-CC-0924 અંદાજિત બજાર કિંમત રૂ.2,50,000, ખેરનાં લાકડા નંગ-145ની કિં.રૂ.3 લાખ, હીરો હોન્ડા મોટરસાઇકલ-2 કિં.રૂ.50 હજાર, પલ્સર બાઇક રૂ.1,70,000, મોબાઇલ નંગ ત્રણ રૂ.18 હજાર સહિતનો મુદ્દામાલ જપ્ત કરાયો હતો.

ઝઘડિયામાં મકાનની બારી મૂકવા બાબતે બે પાડોશી વચ્ચે તકરાર

ભરૂચ, ઝઘડિયાઃ ઝઘડિયા નગરના રાજપૂત ફળિયામાં નવા બનતા મકાનમાં બારી મૂકવાના મુદ્દે બે પાડોશી પરિવારો વચ્ચે ઉગ્ર ઝઘડો સર્જાયો હતો.

રાજપૂત ફળિયામાં રહેતા સુરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ પરમારનું મકાન બનાવવાનું કામ ચાલુ હતું ત્યારે તેમના પાડોશી જયેન્દ્રસિંહ પરમારે સુરેન્દ્રસિંહને પોતાની જગ્યા તરફ બારી ન બનાવવા કહ્યું હતું. આ બાબતે બંને વચ્ચે મતભેદ ઊભો થયો. ત્યારબાદ તા. ૧૭મીના રોજ રાત્રે સુરેન્દ્રસિંહના ભાઈ રણવીરસિંહ રાજેન્દ્રસિંહ પરમારે જયેન્દ્રસિંહના પુત્ર હરદીપસિંહ પરમારને ફોન કરીને ગાળાગાળી અને ધમકી આપી હતી. આ ઉપરાંત, વિજયસિંહ અરુણસિંહ પરમાર, સુરેન્દ્રસિંહ રાજેન્દ્રસિંહ પરમાર અને ઉદમસિંહ વિજયસિંહ પરમારે જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. જે અંગે ફરિયાદ આપતા ઝઘડિયા પોલીસે ચાર સામે ગુનો નોંધ્યો હતો.

ભાડુઆતની નોંધણી ન કરાવતા મકાનમાલિક સામે કાર્યવાહી

ભરૂચઃ ઝાડેશ્વરમાં ભાડુઆતની નોંધણી ન કરાવતા મકાનમાલિક સામે કાર્યવાહી કરવામાં આવી હતી.

પ્રાપ્ત માહિતી અનુસાર ઝાડેશ્વર આલેખ સોસાયટીમાં આવેલા મકાન નંબર-એ-13ના માલિક નિમેશભાઈ ભાનુપ્રસાદ પટેલે પોતાનું મકાન સાહીલા ફિરોજ મણિયારને છેલ્લા બે મહિનાથી ભાડે આપ્યું હતું. ભાડુઆત દર મહિને રૂ.12,800 ભાડું આપતા હતા. પોલીસ સૂત્રોના જણાવ્યા અનુસાર, મકાનમાલિકે આ ભાડુઆતની નોંધણી નજીકના પોલીસ વિભાગમાં કરાવી ન હતી. જેને લઈને ભરૂચ સી-ડીવીઝન પોલીસે મકાનમાલિક નિમેશ પટેલ સામે ગુનો નોંધ્યો છે. આ ઘટના શહેરમાં ભાડે મકાન આપતા અન્ય મકાનમાલિકો માટે ચેતવણીરૂપ બની છે.

ડેડિયાપાડાના ખામી જામની ગામે 9 જુગારી ઝડપાયા

ચિકદા, ભરૂચઃ ડેડિયાપાડાના ખામી જામની ગામમાં પારસીંગભાઈ વસાવાના ઘરની બાજુમાં કેટલાક લોકો પત્તા-પાનાથી જુગાર રમી રહ્યા હોવાની બાતમીના આધારે ડેડીયાપાડા પોલીસે દરોડો પાડી પારસીંગ વસાવા(ઉં.વ.59), બાબુ વસાવા (ઉં.વ.58), રમેશ વસાવા(ઉં.વ.50), જલા વસાવા (ઉં.વ.48), પ્રતાપ વસાવા (ઉં.વ.55), ગોપાલ વસાવા (ઉં.વ.45), મહેન્દ્ર વસાવા (ઉં.વ.45), મધુકર વસાવા(ઉં.વ.29) અને મુકેશ વસાવા (ઉં.વ.50)ને ઝડપી પાડ્યા છે. પોલીસે તેમની પાસેથી કુલ રોકડા રૂ.36,450 અને જુગારના દાવ પરથી રૂ.5000 મળી કુલ રૂ.41,450ની રોકડ રકમ, 6 મોબાઈલ અને એક ઈકો કાર મળી કુલ રૂ.4,71,450 મત્તાનો મુદ્દામાલ કબજે કર્યો છે.

જાહેર નોટીસ મહે કઠોરના જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નંઃ ૧૨૨૨ / ૨૦૨૬

વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર

વકીલશ્રી ભૂમિકા બી પટેલ

અરજદાર :- ચાઠોડ ગીતાબેન કિશોરભાઈ

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, આંબોલી, ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાના દાદી શાંતાબેન છોટુભાઈ ચાઠોડનું તા.૦૧/૦૫/૨૦૦૪ ના રોજ મોજે. આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. અને તેમના મરણની નોંધણી કરાવવાની રહી ગયેલી જે અંગે કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અત્રેની કોર્ટમાં અરજી કરી છે. જેની મુદ્દત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૩ મી માહે ૦૮ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર — આસી.સીવીલ કોર્ટ કઠોર

કોર્ટનો સિક્કો

મુકાબલ કરનાર — આસી.સીવીલ કોર્ટ કઠોર

હુકમશ્રીશ્રી — સ્પે.સીવીલ કોર્ટ કઠોર

જાહેર નોટીસ મહે કઠોરના જ્યુડિશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ ક્લાસ સાહેબની કોર્ટમાં

પરચુરણ અરજી નંઃ ૧૨૨૨ / ૨૦૨૬

વકીલશ્રી ધર્મેશ એમ. પરમાર

વકીલશ્રી ભૂમિકા બી પટેલ

અરજદાર :- વસાવા નિલેશકુમાર ગોમાનભાઈ

વિરૂધ્ધ

સામાવાળા :- તલાટી કમ મંત્રીશ્રી, આંબોલી, ગ્રામ પંચાયત, તા.કામરેજ, જી.સુરત

આ કામના અરજદારે અત્રેની કોર્ટમાં પોતાના પિતાશ્રી ગોમાનભાઈ રૂપસિંગભાઈ વસાવાનું તા.૨૫/૦૫/૨૦૦૪ ના રોજ મોજે. આંબોલી ગામ, તા.કામરેજ, જી.સુરત મુકામે અવસાન પામેલ છે. અને તેમના મરણની નોંધણી કરાવવાની રહી ગયેલી જે અંગે કોર્ટમાંથી હુકમ મેળવવા માટેની અત્રેની કોર્ટમાં અરજી કરી છે. જેની મુદ્દત તા. ૧૯/૦૯/૨૦૨૬ ના રોજની મુકર્રર કરવામાં આવેલી છે. આથી જો કોઈ વ્યક્તિને સદરહુ અરજી સામે કોઈપણ પ્રકારનો વાંધો, વિરોધ હોય તો પોતે અથવા વકીલ મારફત હાજર રહેવું જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારની અરજી અંગે યોગ્ય હુકમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજરોજ તા. ૧૩મી માહે ૦૮ સને ૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિક્કો કરીને આપ્યો.

તૈયાર કરનાર — આસી.સીવીલ કોર્ટ કઠોર

કોર્ટનો સિક્કો

મુકાબલ કરનાર — આસી.સીવીલ કોર્ટ કઠોર

હુકમશ્રીશ્રી — સ્પે.સીવીલ કોર્ટ કઠોર

ફલાહે ઈન્સાની પ્રાથમિક શાળા, રવિદરા

તા. અંકલેશ્વર, જિ. ભરૂચ

FALAHE INSANI PRIMARY SCHOOL

શિક્ષણ સાથે સંસ્કાર ઉજ્જવળ ભવિષ્ય

શિક્ષક ભરતી જાહેરાત

શિક્ષક / શિક્ષિકાની તાત્કાલિક જરૂર છે.

લાયકાત
- પી.ટી.સી. / B.Ed. અથવા સમકક્ષ લાયકાત
- ગુજરાતી ભાષા પર ઉત્તમ પકડ
- વિદ્યાર્થીઓને સરળ અને રસપ્રદ રીતે ભણાવવાની આવડત
- અનુભવી ઉમેદવારને પ્રાથમિકતા

જરૂરી ગુણો
- પ્રમાણિકતા અને સમયપાલન
- સારા સંવાદ કૌશલ્ય
- વિદ્યાર્થીઓ પ્રત્યે સકારાત્મક અભિગમ
- ટીમમાં કામ કરવાની ક્ષમતા

રસ ધરાવતા ઉમેદવારોએ પોતાનો બાયોડેટા અને જરૂરી પ્રમાણપત્રો સાથે સંપર્ક કરવો.

સરનામું: ફલાહે ઈન્સાની પ્રાથમિક શાળા, રવિદરા, તા. અંકલેશ્વર, જિ. ભરૂચ

સંપર્ક: પ્રમુખ - 9925758701, આચાર્ય - 93271 86979

શિક્ષણ સાથે સંસ્કાર - ઉજ્જવળ ભવિષ્યનો આધાર

Milano MULTIPLEX બારડોલી

Spider-Man: Brand New
Day-2D - 12:00pm

Awarapan 2
11:00am, 01:00pm, 03:00pm, 05:00pm, 07:00pm 09:00pm,10:00pm

Batwara 1947
10:00am, 02:00pm, 04:00pm, 06:00pm, 09:30pm

Ph:- 02622-230068

*Movie schedule and timings are subject to change without any prior notice

સંપર્કઃ 98791 33333

વહીવટમાં ખામી શું છે???

ગત વર્ષોમાં કામરેજ સુગરની ચુંટણી યોજાયેલ હતી ત્યારે સામેની પેનલના કર્ણધાર અને તેમના ઉમેદવારો દ્વારા એકબીજાનાં વહીવટ સંબંધિત આક્ષેપ-પ્રતિઆક્ષેપો કર્યા હતા. ત્યારે હાલ યોજાઈ રહેલ કામરેજ સુગરની ચુંટણીમાં તમામે ભેગા થવું પડ્યું શા માટે??

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉદ્યોગ મંડળી લી.નવી પારડી તા. કામરેજ ચુંટણીનાં સંદર્ભમાં સભાસદ જોગ સંદેશ

શ્રી નવીનચંદ્ર નારણભાઈ પટેલ સર્વે સભાસદો ને સાદર

નમસ્કાર,

શ્રી કામરેજ વિભાગ સહકારી ખાંડ ઉપોગ મંડળી લી. ની સંસ્થાનાં ૧૯૯૦ માં સતત આઠ વર્ષનાં સંઘર્ષ પછી લાયસન્સ મેળવી શકેલા અને પ્રથમ પ્રમુખ તરીકે સ્વ.ગોરધનભાઈ મગનભાઈ પટેલ તથા ઉપપ્રમુખ તરીકે જંયતીભાઈ છોટુભાઈ પટેલ તથા માનંદ મંત્રી તરીકે નવીનભાઈ નારાણભાઈ પટેલ તથા વ્યવસ્થાપક સમિતીનાં આદરણીય સભ્યશ્રીઓનાં અર્થાગ પ્રયોત્નોથી સોરાષ્ટ્રમાં બંધ પડેલી સુગર ફેકટરી નવી પારડી મુકામે સીફટ કરી બે જ વર્ષના સમયગાળામાં ચાલુ કરી પ્રથમ ટ્રાયલ સીઝનમાં ૧,૮૧,૦૦૦/- નું પીલાણ કરી ભારતમાં સંસ્થાએ આગવું સ્થાન પ્રાપ્ત કરેલ પછી ક્રમશઃ ૨૫૦૦ ટન ની ડેપેસીટી નો પ્લાન તથા ડિસ્ટ્રીલરી પ્રોજેકટ પણ બનાવવામાં આવેલ અને સ્થાપના નાં સમયનાં ૨૦ વર્ષ સુધી ગુજરાતની દરેક સુગર ફેકટરી સમક્ષ વહીવટ ચાલતો હતો અને શેરડીનાં ભાવો પણ મળતા હતા તનાથી આપ સર્વે સભાસદો વાકેફ છો.

છેલ્લાં કેટલાક વર્ષથી આપણી સુગર ફેકટરી અન્ય સુગર ફેકટરી ની સરખામણીમાં ભાવ બાબતે ખુબજ પાછળ રહી ગઈ અને આર્થિક રીતે પણ ખુબજ મુશ્કેલીમાં મુકાઈ છે તો તેવા સંજોગોમાં પણ મારા હિતેચ્છુ સભાસદો તથા મારા માજી ડિરેકટરશ્રીઓ અને સહકારી આગેવાનોની સાથે પરામર્સ કર્યા બાદ કામરેજ સુગરનું સુકાન શ્રી અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલ રહે, ધાતવાની પસંદગી કરી છે તેમને કામરેજ ડેબા મંડળી તથા સાર્વજ સુગર ફેકટરીમાં ત્રણ વર્ષ નો પ્રમુખ તરીકે નો તથા જિલ્લા પંચાયત સુરતનાં , પ્રમુખશ્રીનું સુકાન પણ સુપેરે બજાવેલ છે.ખુબજ ધડાયેલા અને કસાયેલા વ્યક્તિ છે. એમનાં અખબ પણા નીચે આપણે જુદા જુદા ઝોન માથી ઉમેદવારો પસંદ કર્યા છે. જેમનું ચુંટણી પ્રતિક "ત્રાજવુ" છે તેને આપનો તથા આપના સ્નેહીજન નો મત આપી અપાવી આભારી કરશો.

આ ચુંટણી પ્રકિયામાં બિનહરીફ થયેલ ઝોનમાં જે ઉમેદવારોએ પોતાની ઉમેદવારી પરત ખેચી તે ઉમેદવારો પણ ખુબજ શિક્ષિત અને સહકારીનાં જાણકાર ધીરગંભીર હોવા છતાં સંસ્થા હિતમાં પોતાની ઉમેદવારી પાછી ખેચી છે. તેમનો હું ખુબ રૂણી છું અને તેમને ખુબ ખુબ ધન્યવાદ આપું છે. બાકી રહેલા ૧૩ ઝોનમાં પણ જે સભાસદોએ ઉમેદવારી કરી છે તેઓ પણ ખુબજ શિક્ષીત તથા સહકારીનું બહોળુ જ્ઞાન ધરાવનાર છે પરંતુ દરેક ઝોનમાંથી ફક્ત એકજ ઉમેદવારની પસંદગી કરવાની હોય જેથી જેની પસંદગી કરી શકયો નથી જેઓ પણ દર ગુજરકરી મને માફ કરશો.

ફરી આપ સૌ સભાસદોને મારી નમ્ર અપિલ છે કે જ્ઞાતિવાદ તથા અપ્રચારથી દુર રહી શ્રી અશ્વિનભાઈ ના સુકાની પણાની હેઠળનાં "ત્રાજવા"નું નિશાન ધરાવનાર દરેક ઉમેદવારને આપનો તથા આપના સ્નેહીજનો નો મત આપી અપાવી વિજય બનાવશો.

સૌને મારા જયશ્રી કૃષ્ણ

મતદાન તારીખઃ-૧૯/૧૨/૨૦૨૦ શનિવાર

લી. આપનો સહકારી નવીનચંદ્ર નારણભાઈ પટેલ માજી પ્રમુખશ્રી કામરેજ સુગર ફેકટરી

કામરેજ સુગર ફેકટરી સભાસદ જોગ

આદરણીય ગ્રામજન ભાઈઓ-બહેનો,

નમસ્કાર,

હરાળ હશો જ / છું

સમાચાર પત્રોમાં સંસ્થાના હિતેચ્છુ હોવાનો દાવો કરતા શ્રીમાન નવીનભાઈ પટેલ (કામરેજ) દ્વારા કામરેજ સુગર ફેકટરીની આર્થિક સ્થિતી બાબતે જે નિવેદન કરેલ છે તેને વખોડી કઢું છું.

સને ૧૯૯૩ થી આજદિન સુધીના સંસ્થાના ૨૭ વર્ષના કાર્યકાલમાં સ્વ.ગોરધનકાકા, નવીનભાઈ (કામરેજ), મનહરભાઈ પટેલ (વલણ), કાંતિભાઈ પટેલ (હલધરૂ) દ્વારા સર્વત્ર ૨૪ વર્ષ સુધી પ્રમુખ તરીકે કામગીરી બજાવેલ છે. મારો કાર્યકાલ છેલ્લા ત્રણ વર્ષથી જ છે જેનાથી આપ સૌ વાકેફ છો જ....

નોટબંધી બાદ ગેરકાયદે નાણાંની હેરફેર હોય કે ભુતકાળમાં સંસ્થામાં કરેલ અનેક મૃત રોકાણો માટે કોણ જવાબદાર છે તેનાથી તમે સુપેરે વાકેફ છો જ....

મારા ત્રણ વર્ષના કાર્યકાલ દરમ્યાન સંસ્થામાં પારદર્શક પ્રમાણિક અને નિષ્ઠાપૂર્વક કરેલ વહીવટને કારણે ખેડૂતો દ્વારા કરવામાં આવેલ રોપાણ ૫૪૦૦/- એકર (૨૦૧૮-૧૯) થી વધીને રોપાણ ૧૦૦૫૫/- એકર (૨૦૨૦-૨૧માં) થયેલ છે.

મારા કાર્યકાલ દરમ્યાન કોઈ પણ ખેડૂત કર્મચારીઓ-વેપારીઓના પૈસા બાકી પડતા નથી તો શાની આર્થિક કટોકટી આવેલ છે?

જ્ઞાતિવાદના નામે કોણ ઝેર ઠેલાવે છે?

અત્રે ઉલ્લેખનીય છે કે, આજદિન સુધી શ્રીમાન અશ્વિનભાઈ (ધાતવા) કે શ્રીમાન જયંતિભાઈ (મોરઘાલા)-ની સતત ટીકા કરતા રહેતા શ્રીમાન નવીનભાઈ પટેલ શા માટે આજે તેમના સહકારી વિરોધીઓની વાહવાહી કરે છે જેના મુળમાં રાજકીય રીતે અને સરકારી ક્ષેત્રે પોતાની જમીન ગુમાવી ચુકેલા નવિનભાઈ અને અશ્વિનભાઈ બંને કામરેજ સુગર અને આવનાર વર્ષમાં ધનાર સુરત ડિસ્ટ્રીકટ બેંકની ચૂંટણીમાં સેવા સહકારી જુથમાંથી ડિરેકટર બનવાની સ્વાર્થવૃતિ ધરાવે છે.

આ બંને નેતાઓ કામરેજ સુગર ફેકટરીના સભાસદોમાં ખેડૂતોમાં અવિશ્વાસ ઉભો થાય અને જેની અસર સંસ્થાની સધ્ધરતા પર પડે તેવો ડર ઠેલાવી ચુંટણીના છેલ્લા બે દિવસોમાં જ કામરેજ સુગરના હિતેચ્છુ બનવા નીકળેલ છે.

સંસ્થાની આર્થિક સ્થિતિ કે અન્ય વહીવટ બાબતે કેમ તેઓશ્રીને આજે જ ડહાપણની ઘડ ફુટી તે પણ વિચારણા કરવા જેવું છે.

પોતે કામરેજ સુગર ફેકટરી-ડિસ્ટ્રીકટ બેંક પોતાના પુત્ર સાર્વજ સુગર ફેકટરી - કામરેજ નાગરીક બેંક અને ગ્રામ પંચાયતના વોર્ડની ચૂંટણીમાં પણ સભાસદોના પ્રજાજનોના ચુકાદાથી ઘરે બેઠા છે. ત્યારે પોતાનો અને અશ્વિનભાઈનો સહકારી ક્ષેત્રે જીવ્રોધાર કરવા માટે ભેગા થયેલ આ બંને આગેવાનો છેલ્લા દસ વર્ષથી ક્યા હતા?

તમારા મામકાઓ પ્રમુખ હતા તેથી બોલતા નહોતા?

કામરેજ સુગર ફેકટરીમાં મારા ત્રણ વર્ષના વહીવટ દરમ્યાન થયેલ તમામ કામગીરી અને ભુતકાળમાં થયેલ વહીવટી કામગીરી અંગે તમામ રેકર્ડ-પુરાવા સંસ્થામાં છે જ ત્યારે દરેક ખેડૂતો-સભાસદ મિત્રોને કોઈ પણ પ્રકારની આ સત્તા લાલચુઓ દ્વારા ઉભી કરેલ વહીવટી શંકા-કુશંકાઓ અંગે ચૂંટણી સમય અને ત્યારબાદ પણ ચર્ચા કરવી હોય તો તૈયાર છું.

અંતમાં ઘણુ બધું કહી શકાય તેમ છે પરંતુ શ્રીમાન નવિનભાઈ પટેલ દ્વારા આગામી શનિવારે યોજાનાર ચૂંટણીમાં મતોનું ધ્રુવીકરણ કરવા માટે જે જાહેરાત છપાવી છે તે યોગ્ય છે?

આપ સૌ સભાસદ મિત્રો ઉગતો સુરજ, ઉગતુગાડું, કિસાન ટ્રેક્ટર તથા પંજા-સહિત અન્ય નિશાનને આપનો મત આપી જ્ઞાતિવાદ અને આગ્રહુરને ઝાકરો આપશો એ જ અભ્યર્થના.

લિ. જયેશભાઈ ધનજીભાઈ પટેલ, પ્રમુખ શ્રી - કામરેજ સુગર ફેકટરી, મો.નં.૯૯૯૯૮-૭૩૦૩૦

- (૧) ગત ૨૦૨૦-૨૧ ની સાલમાં ફેકટરીના કર્મચારીઓને પગાર કરવા શુધ્ધાના પૈસા ન હતા જે પરિસ્થિતિ બાદ આજે દક્ષિણ ગુજરાતમાં સૌથી આર્થિક રીતે સધ્ધર ફેકટરી થઇ તે માટે??
- દક્ષિણ ગુજરાતની અન્ય ફેકટરીઓની સરખામણીમાં કામરેજ સુગર ફેકટરીએ પોતાના સભાસદ ખેડૂતોને સૌથી ઓછી વેલ્યુ મૂકીને અને ૧૦૦ રૂ. ઘસારો કાઢીને સૌથી વધુ ભાવ ચૂકવવો પડ્યો તે શું વહીવટમાં ખામી છે??
- ભારતની ટોચની એજન્સીનાં રીપોર્ટ કરતા ૫૦% કિંમતે સુગર ફેકટરીના તજજ્ઞોને સાથે રાખીને સૌથી સારા રિજલ્ટ આપ્યા તે વહીવટી ખામી છે??
- પારદર્શક અને કરકસર યુક્ત વહીવટ કરી સંસ્થા અને સભાસદો નાં હિત માટેનો વહીવટ શું એ કઈ ખામી છે??
- ખેડૂતોની આર્થિક સધ્ધરતામાં વધારો થાય જે ખેડૂત હિત હૈયે રાખી કામરેજ સુગર ફેકટરી આજે પારદર્શક વહીવટ થકી ટોચના સ્થાને પહોચી છે તે વહીવટી ખામી છે??
- ભૂતકાળમાં સંસ્થા ચલાવવા માટે પડી રહેલી વહીવટી મુશ્કેલીનો કુનેહ પૂર્વક આયોજન કરી ખેડૂત, કર્મચારી સંસ્થાને કેન્દ્રસ્થાને રાખી પ્રમુખ તરીકે નહિ પરંતુ એક પટાવાળા તરીકે લોકહિતમાં તનતોડ મહેનત કરી તે વહીવટી ખામી છે??

દરેક સભાસદોને નમ્ર વિનતી છે કે ૨૦ તારીખને ગુરુવારે યોજાનારી કામરેજ સુગર વ્યવસ્થાપક ચુંટણીમાં સહકાર પેનલના ત્રાજવાનાં નિશાનને મત આપી વિજયી બનાવી આશીર્વાદ આપશો.

કામરેજ સુગર ફેક્ટરીનાં સભાસદોનો એક જ સંકલ્પ ફરી એકવાર પુનરાવર્તન સાથે અશ્વીનભાઈ પટેલની પેનલને વિજય-વિશ્વાસ સાથે વિજેતા બનાવીએ..

લિ.

સહકાર પેનલના કર્ણધાર

અશ્વિનભાઈ ભાઈદાસભાઈ પટેલના જય સહકાર અને જય શ્રી કૃષ્ણ